ગાંધીનગર સમાચાર



# શહેરમાં પુનઃ હીટવેવ

**પારો ૪૫ ડીગ્રી : રાજસ્થાન તરફથી આવતા ગરમ સુકા પવનની લપેટમાં ગુજરાત શેકાયુ રજાના દિવસે હીટવેવના લીધે શહેરમાં સન્નાટો છવાયો : વેકેશન ખુલવાના સમયે અંગારા વરસાવતી ગરમીથી વાલીઆલમમાં ચિંતા : નગરજનો પ્રિ-મોનસુન વરસાદની વાટે**



ગાંધીનગર તા ૫

રાજયમાં ફરિએકવાર ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. ગાંધીનગરમાં ગરમીનો પારો આજે ૪૫ ડીગ્રીએ પહોંચી જતા આક્રમક હીટવેવથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. ગરમીનો પારો દોઢ ડી ગ્રી ઉપર આવતા દિવસ દરમિયાન નગરજનોએ અંગ દઝાડતી ગરમી અનુભવી હતી. રજાનો દિવસ હોવાની સાથે ગરમી પ્રકોપના લીધે શહેરના માર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પરથી આવી રહેલા સુકા ગરમ પવન રાજસ્થાનના રણ પ્રદેશ પરથી ગુજરાત તરફ આવતા એકાએક ગરમીનો પારો ફરિ ઉંચકાયો હોવાનુ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહયા છે.

રાજયમાં ઉનાળો ફરિ ઉગ્ર બનતા નાગરિકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. ગાંધીનગરમાં ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩.૫ ડી ગ્રી નોંધાયુ હતુ. ગરમીનો પારો ૪૩ ડીગ્રીને પાર રહેતા નગરજનો અંગ દઝાડતી ગરમીનો અનુભવ કર્યો હતો. આજે ગરમીનો મિજાજ

● અનુસંધાન પાન-૫ પર

# રાજ્યમાં આગામી અઠવાડિયે વરસાદ પડવાની શક્યતાઓ

**જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલની આગાહી**

ગાંધીનગર, તા. ૫

આગામી અઠવાડિયે વાતાવરણમાં પલ્ટો આવી શકે અને ગુજરાત-સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે બાષ્પીભવન કરનાર વનસ્પતિના લક્ષણો જોતા અને શ્વસન કરનાર વનસ્પતિના લક્ષણો જોતા હજુ નિયમિત ચોમાસાની વાર હોય તેમ જણાય છે. વળી ચોમાસાનું દર્શક વડનું ઝાડ જોતા પણ હજુ વડને વડવાઈઓ ફુટવામાં નથી. વડવાઈઓ મોટી થતાં ભેજનું પ્રમાણ જણાય છે. વળી લીંમડાની લીંબોડી જોતાં પણ હજુ લીમડાની લીંબોડી પાકીને જમીન પર પડવામાં નથી. વળી વાંસના લક્ષણો જોતાં પણ હજુ નિર નિરંતર ચોમાસાના લક્ષણો જણાતા નથી. વળી આકાશ અને પૃથ્વી વચ્ચે ઝાખી-ધુમ્મસ અને કોરમડીના વાદળો આવે તો આકાશ અને પૃથ્વી વચ્ચેનું વાતાવરણ ઠંડુ થતા બાષ્પ ઠરતાં વરસાદનું ટીપું બની શકે. અને પૃથ્વી પર વરસાદ આવી શકે. આમ વનસ્પતિના લક્ષણો જે સ્થીર લક્ષણો ભૂમિ પર હોય છે તે પણ નિયમિત ચોમાસાની સુચી કરતા નથી. વળી હાલમાં પુનઃ કાળઝાળ ગરમી શરૂ થવામાં છે. એટલે ભેજનું પ્રમાણ પણ ઘટવામાં છે. વરસાદનું ચક્ર હજુ પશ્ચિમ સાગરમાં પણ ગતિવિધી જણાવતુ નથી. તા. ૭મીથી રાત્રે ૨૩ કલાકને ૫૬ મિનિટ એટલે અડધી રાત્રીના સુમારે સૂર્ય મૃગશિર્ષ નક્ષત્રમાં આવે છે. મૃગશિર્ષ નક્ષત્રમાં સૂર્ય આવતા દરિયામાં પવનોની ફેરબદલી થતી હોય છે. દરિયામાં જોશથી પવનો ફૂંકાતા હોય છે. તા. ૭ થી ૯માં દરિયામાં હવાનું દબાણ સર્જાય અને જોરથી પવન ફૂંકાવાની વકી રહે. આ અરસામાં વાદળો પણ આવી શકે અને હવામાનમાં પલટો જણાય છે. દરિયા કિનારાના ભાગોમાં અને રાજ્યના કોઈ કોઈ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના રહે. જ્યારે તા. ૧૨-૧૩ આસપાસ પણ હવામાનમાં પલટો આવે. તા. ૧૫ થી ૧૭માં દરિયાકિનારે ભારે પવનનું જોર રહે. એટલે દરિયાઈ ચક્રવાત અને હવાના દબાણની

● અનુસંધાન પાન-૫ પર

# આવતીકાલથી પવિત્ર રમઝાન માસનો પ્રારંભ

ગાંધીનગર, તા.૫

મુસ્લિમ બિરાદરોના અત્યંત પવિત્ર ગણાતા રમઝાન માસનો પ્રારંભ મંગળવારથી થઈ રહ્યો છે. અત્યંક કઠિન ગણાય તેવા રોઝા-ઉપવાસ અને બંદગીમાં મુસ્લિમ બિરાદરો વ્યસ્ત રહેશે.

રમઝાનુલ મુબારક ઈસ્લામી વર્ષનો નવમો મહિનો છે. રમઝાન શરીફની તશરીફની ઘડીઓ ખૂબ જ નજીકમાં છે. આ પવિત્ર રમઝાન માસ નેકીઓથી માલા માલ થવાનો મહિનો છે. એક ફર્ઝ સામે સિત્તેર ફર્ઝોનો સવાબ, એક નેકી સામે અગણિત નેકીઓ, રોઝંદારો ઉપર અલ્લાહ તઆલાની રહેમતોનું નુજુલ, કર્આન શરીફની તિલાવત કરનારાઓ ઉપર બેસુમાર સવાબ અને આ મહિનામાં સખાવત કરનારાઓ ઉપર અઢળક બરકતો-અજર નાઝિલ થાય છે. આ મહિનાની ફઝીલત બાબરકત અને બેહિસાબ છે. આ પવિત્ર રમઝાન માસ આગામી તા. ૭ જૂનના રોજથી પ્રારંભ થશે.

મુસ્લિમો પર જે કેટલીક બાબતો ફરજિયાત કરવામાં આવી છે તેમાં રોજા પણ એક ફરજિયાત બાબત છે. બારે માસ જેવી રીતે નમાઝ પઢવી ફરજિયાત છે તેવી રીતે એક મહિના રોજા રાખવા પણ ફરજિયાત છે. પરંતુ મુસલમાન પાસે કોઈ નકકર દલીલ હોય જેને કારણે તે રોજા કરી શકે એમ ના હોય

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૨૩૯૨ બાળકોનું નામાંકન કરાશે

**અરવિંદ અગ્રવાલ સહિત ૮ અધિકારીઓ જિલ્લાના પ્રવેશોત્સવમાં જોડાશે ૧૨,૩૯૨ બાળકોનું ધો. ૧માં નામાંકન કરાશે : ડ્રોપઆઉટ માટેનો માપદંડ જે નિયત કરાયો છે તેના કરતાં પણ જિલ્લામાં ઓછો ડ્રોપઆઉટ રેશિયો જણાયો**

ગાંધીનગર, તા. ૫

આગામી ૮,૯ અને ૧૦ જુન દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં યોજાનાર પ્રવેશોત્સવ માટે રાજ્ય સરકારે એક ઉચ્ચ સનદી અધિકારી સહિત ૮ જેટલા અધિકારીઓની ફાળવણી કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં પ્રવેશોત્સવ માટે રાજ્યના ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ શ્રી અરવિંદ અગ્રવાલ ઉપરાંત શ્રી એ.કે. રાઠોડ સહિત રાજ્ય સરકારે ૮ અધિકારીઓ ફાળવ્યા છે. જેમાં ઉપસચિવ અને નાયબ સચિવ સંવર્ગના અધિકારીઓનો સમાવેશ થાય છે.

જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા પ્રવેશોત્સવ માટે ૬૫થી વધુ રૂટ નિયત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. જો કે સોમવારે તમામ આયોજનને આખરે ઓપ આપી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લા શિક્ષણ તંત્રમાં હાલ પ્રવેશોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહીછે. આ પ્રવેશોત્સવમાં ૧૨,૩૯૨ બાળકોને પ્રા. શાળામાં પ્રવેશ અપાશે.

જેમાં ગાંધીનગરમાં ૪૪૦૩, કલોલમાં ૨૯૨૬, માણસામાં ૧૭૮૧ અને દહેગામમાં ૩૨૮૨ બાળકોનો સમાવેશ થાય છે. ૬૪૭૮ કુમાર અને ૫૯૧૪ કન્યાઓને પ્રવેશ અપાશે.

જિલ્લામાં પ્રવેશોત્સવ દરમ્યાન ૧૦૦ ટકા નામાંકનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પ્રવેશોત્સવમાં કરાયેલા ફેરફારોને લઈ તૈયારીઓ વધુ સઘન બનાવવામાં આવી છે.

શિક્ષણના સૂત્રોમાંથી પ્રાપ્ત થતિ વિગતો પ્રમાણે જિલ્લામાં સરકારે નિયત કરેલ ડ્રોપઆઉટના માપદંડથી ઓછો ડ્રોપઆઉટ હોવાથી આ વખતે ઓછા અધિકારીઓ ફાળવવામાં આવ્યા છે.

# આઈટી અને ઈલેક્ટ્રોનીક્સ સ્ટાર્ટઅપની નવી નીતિ

**નવી નીતિ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીની જાહેરાત : ૫ વર્ષમાં ૨૦૦૦ સ્ટાર્ટઅપ્સને નેતૃત્વ અને સુવિધા આપતા ૫૦ ઈન્ક્યુબેટર્સ તૈયાર કરાશે : ૧૦ લાખ સ્કવેર ફુટ જેટલી ઈન્ક્યુબેશન માટેની જગ્યાનો વિકાસ કરાશે**

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના મેઈક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટ અપ મિશનના સપનાંને સાકાર કરવા ગુજરાત અગ્રેસર રહે તે માટે અનેકવિધ પગલાં ભર્યા છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતે અનેક નવી નીતિઓ અમલમાં મુકી છે. આ જ દોરને મુખ્યમંત્રીશ્રીએ આગળ ધપાવીને આજે આઈ ટી અને ઈલેક્ટ્રોનિક્સ સ્ટાર્ટ અપ માટેની નવી નીતિની ઘોષણા કરી હતી.

### ઈન્ક્યુબેટર માટેના પ્રોત્સાહનો

રૂ. ૫૦ લાખની મર્યાદામાં કુલ ૫૦ ટકા ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ સુધીની સહાય : વર્ષે રૂ. પાંચ લાખની મર્યાદામાં માર્ગદર્શન સહાય ● સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફી પર ૧૦૦ ટકા વળતર : પાંચ વર્ષ માટે ઈલેક્ટ્રિસિટી ડ્યુટીની રકમના ૧૦૦ ટકા રકમ પરત મળશે ● ઈન્ક્યુબેટર્સને રૂ. ૧ કરોડની મર્યાદામાં સોફ્ટવેર ખરીદી માટે ૫૦ ટકા સહાય

### સ્ટાર્ટ અપ માટેના પ્રોત્સાહનો

સરકારના ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટમાં સક્ષમ સ્ટાર્ટ અપ એકમોની ભાગીદારી ● સ્ટાર્ટ અપ્સને જરૂરિયાત મુજબ વેન્ચર કેપિટલ ફંડ પાસેથી અગાઉ મેળવેલા ફંડના ૨૫ ટકા સુધી ઈક્વીટી લિન્કડ નાણાંકીય સહાય મળશે ● સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી પર ૧૦૦ ટકા વળતર ● કર્મચારી દીઠ પ્રતિ ચો. ફૂટે દર મહિને રૂ. ૧૫નું વળતર લીઝ રેન્ટલ સહાય

આઈ ટી અને ઈલેક્ટ્રોનિક્સ સ્ટાર્ટ અપ માટેની નવી નીતિને જાહેર કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, નવી નીતિ સ્ટાર્ટઅપ માટે શ્રેષ્ઠ તકોના સર્જનની ગતિશીલ ગુજરાતની હરણફાળ બની રહેશે. તેમણે એમ પણ જણાવ્યું હતુ કે, નવી નીતિ



અંતર્ગત આગામી પાંચ વર્ષમાં ૨૦૦૦ સ્ટાર્ટ અપ્સને સબળ નેતૃત્વ અને સુવિધા પુરી પાડતા ૫૦ ઈન્ક્યુબેટર્સ તૈયાર કરાશે એટલું જ નહીં, ૧૦ લાખ સ્કેવર ફુટ જેટલી ઈન્ક્યુબેશન માટેની જગ્યાનો વિકાસ કરાશે. નવી નીતિ અંતર્ગત અંદાજીત રૂ. ૭૦૦૦ કરોડનું રોકાણ અને રોજગારીની વિપુલ તકોનું નિર્માણ થશે.

આ નવી નીતિ અંતર્ગત સ્ટાર્ટઅપ્સને તૈયાર કરવા માટે શૈક્ષણિક સંસ્થાઓ તથા અન્ય ખાનગી સંસ્થાઓ સંશોધન અને માર્ગદર્શન માટે ખાસ પ્રકારના ઈન્ક્યુબેટર બનાવતી હોય છે, જ્યાં સ્ટાર્ટઅપ્સને પોતાના નવીન વિચારો મૂર્તિમંત કરવા માટે જરૂરી સગવડ અને ગાઈડન્સ પુરૂ પાડવામાં આવતું હોય છે. આ ઈન્ક્યુબેટર્સને સક્ષમ બનાવવા માટે આ નીતિમાં પ્રોત્સાહનો સૂચવવામાં આવ્યા છે તેની પણ મુખ્યમંત્રીશ્રીએ માહિતી આપી હતી તે અનુસાર ઈન્ક્યુબેટર્સને કેપીટલ સબસીડી તરીકે રૂ. ૫૦ લાખની મર્યાદામાં કુલ ૫૦ ફિક્સ્ડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ સુધીની સહાય અપાશે. આ જ રીતે માર્ગદર્શન સહાય તરીકે વર્ષે રૂ. ૫ લાખની સહાય સંચાલન સહાય તરીકે વર્ષે રૂ. ૧ કરોડની મર્યાદામાં ઈન્ક્યુબેટર દ્વારા અન્ય સ્ત્રોત્રોમાંથી મેળવેલ ભંડોળમાં ૨૫ ટકા સુધીની સહાય આપવામાં આવશે. સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફી પર ૧૦૦ ટકા વળતર પણ આપવામાં આવશે.

આ ઉપરાંત પાવર ટેરિફ અને ઈલેક્ટ્રિસિટી ડ્યુટી માટેના પ્રોત્સાહનો પણ આ નીતિ અંતર્ગત આપવામાં આવ્યા છે.

**આદર્શ નિવાસીશાળા અને છાત્રાલયોમાં**

# વિદ્યાર્થીઓના ભોજન વ્યવસ્થાની ટેન્ડર પ્રક્રિયા સામે સવાલો મંડરાયા

**ટેન્ડરની શરતોમાં ફેરફાર કરી ચાહીતી એજન્સીને કામ સોંપવાનો કારસો રચાયો હોવનો ગણગણાંટ**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર જિલ્લા સમાજ કલ્યાણ વિભાગ દ્વારા આર્દશ નિવાસી શાળા તેમજ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને ભોજન પીરસવાના મામલે ચાહીતી એજન્સીને કામ સોંપવાના ગતકડાઓ ઉભા કરવામાં આવ્યા હોવાનો સળવળાટ પ્રવર્તયો છે. ૩ શાળા તેમજ ૪ છાત્રાલયોમાં ભોજનની વ્યવસ્થા માટેના ટેન્ડરની શરતોમાં અન્ય જિલ્લાની સાપેક્ષમાં ફેરફાર કરી એજન્સીને ઉંચા ભાવે કામ સોંપી દેવાની ગતિવિધિઓથી સરકારને પણ લાખોનુ નુકશાન વેઠવાનો વારો આવશે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

સમાજ કલ્યાણ વિભાગ દ્વારા જિલ્લાની ૩ આદર્શ નિવાસી શાળા તેમજ ૪ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને ભોજન પુરુ પાડવા માટે ટેન્ડર પ્રકીયા હાથ ધરી એજન્સીને કામ સોંપવામાં આવે છે. પરંતુ આ વર્ષે આ પ્રકીયામાં પારદર્શકતા ન જળવાઈ હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે. નવાઈની વાત તો એ છે કે અન્ય જિલ્લાની સાપેક્ષમાં ગાંધીનગરમાં જ આ મામલે દિવા તળે અંધારુ હોય તેવો ઘાટ સર્જાયો છે. ટેન્ડર પ્રકીયામાં અન્ય જિલ્લામાં જે નિયમો ન હોય તેવા નિયમો ઉભા કરી સુચક ફેરફારને ધ્યાને લઈ ચાહીતી એજન્સીને કામ સોપવા માટે કારસો રચવામાં આવ્યો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. અન્ય જિલ્લામાં એજન્સી પાસેથી સેલટેક્ષની અથવામાં વેટ નંબર માંગવામાં આવ્યા છે. જયારે ગાંધીનગર જિલ્લામાં વેટનંબર ફરજિયાત અને ત્રણ વર્ષનુ વેટ કલીયરીંગ સર્ટીફિકેટ પણ ફરજિયાત રજુ કરવા જણાંવાયુ છે. ટેન્ડરની શરતો જિલ્લા માટે બદલાતા ટેન્ડર પ્રકીયાની પારદર્શકતા સામે સવાલો મંડરાયા છે. ગત વર્ષ દરમિયાન પણ ૧૨ એજન્સીઓ પૈકી ૧૧ ના ટેન્ડર રદ કરી એક એજન્સીને કામ સોંપી દેવામાં આવ્યુ હતુ.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ — કેટરીંગ — લાઈટીંગ — ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com